# ભાટ ખાતે ચુલા ચિકન રેસ્ટોરન્ટમાંથી માદક પદાર્થના જથ્થા સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ-એટીએસ અને ગાંધીનગર એસઓજીએ ગાંધીનગર ભાટ ટોલનાકા પાસે આવેલી ચુલા ચિકન રેસ્ટોરન્ટમાંથી બે આરોપીઓને ગેરકાયદેસર નાર્કોટીકસના પદાર્થ (કેનાબીજ) ૨૯૪ ગ્રામ, ૫૦૦ મીલીગ્રામ કિં.રૂ.૪૧ હજારના જથ્થો મળી કુલ રૂ.૧,૫૮,૬૧૦નો મુદ્દમાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એસપી રીંગરોડ પર ભાટ ટોલટેક્ષ પાસે આવેલી ચુલા ચિકન રેસ્ટોરન્ટમાં માદક પદાર્થ જાહેરમાં આવી વેચાણ કરતા હોવાની બાતમી અમદાવાદ એટીએસને મળતા ગાંધીનગર એસઓજીને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ પહોંચી ચુલા ચિકન રેસ્ટોરન્ટના એરીયાને કોર્ડન કરી જયકિશન ઉર્ફે જય વિજય ઠાકોર(ઉં.૨૭, રહે૧૨,એલ શીવ એપાર્ટમેન્ટ એસઆરપી કવાટર્સની બાજુમાં કૃષ્ણનગર, મ નં.૧૭૪૫-બી,૩૧, પતરાવાળી ચાલી પ્રેમ દરવાજા અમદાવાદ, મુળ દામારામપુરા





તા.ડીસા બનાસકાંઠા), અંકિત રાજકુમાર ફુલહરી (ઉં.૨૪, રહે જી-૧૩ ગંગા એપાર્ટમેન્ટ જી.ડી.હાઈસ્કુલની સામે સૈજપુર બોઘા, નરોડા તેમજ રહે. ૧૧ સેફાયર બંગ્લોઝ બંસરી હાઈટ્સ-૨ ની સામે ન્યું શાહીબાગ મુળ ગામ બરકરા તા.જી ઝુઝનુ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. જયારે સોનુ નામના શખ્સા પાસેથી ડીલીવરી કરવાના છે. એટીએસ અને એસઓજી પોલીસે ગઈકાલે રાત્રીના સમયે હોટલ પર ત્રાટકી ખુરશી પર બેસી રહેલા બે શખ્સોને દબોચી લઈ તેમની પુછપરછ અને અંગજડતી લેતા મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી આવી હતી. જયારે જયકિશન ઠાકોર પાસે એમેઝોન લખાણવાળા પાર્સલમાં નાનીનાની ડબ્બીઓમાં પીળા કલરનુ ઘટ્ટ પદાર્થ તેમજ બીજી આછા ગુલાબી કલરની પ્લાસ્ટીકની થેલીમાંથી એક એક બિસ્કીટ મળી આવ્યા હતા. જયારે અંકિત ફલુહારી પાસેથી પણ કાળા કલરના ત્રણ લાડુ મળી આવ્યા હતા. બનાવ સ્થળ ફર એફએસએલની ટીમને બોલાવીને માદક પદાર્થનું પૃથ્થકરણ કરવામાં આવતા તેમાં કેનાબીજની હાજરી મળી આવી હતી. એટીએસ અમદાવાદ અને એસઓજી ગાંધીનગરની ટીમે બે શખ્સોની ધરપકડ કરી ૨૯૪ ગ્રામ માદક પદાર્થનો જથ્થો, મોબાઈલ નંગ-૨, રોકડ મળી કુલ રૂ.૧.૫૮.૬૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવી એસઓજી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## બે દિવસમાં ફ્લેટ ખાલી કરી દે જે કહી ધમકી આપતા સાસરીયાઓ સામે પરિણિતાએ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૯

સુઘડ રહેતી પરિણિતાને તેની સાસરીયાઓ પૈસાની માંગણીઓ કરી તેની સાથે ઝઘડો કરી બે લાફા મારી દીધા હતા.જયારે પરિણિતાએ પૈસા અને દાગીના માંગતા સાસરી પક્ષના સભ્યોએ ફલેટ ખાલી કરી દે જે તેવી ધમકી આપી શારીરીક માનસિક ત્રાસ આપતા પરિણિતાએ અડાલજ પોલીસ મથકે પતિ, સાસુ, સસરા સહિત પાંચ સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક બાલાજી અગોરા રેસીડેન્સી ખાતે પરિણિતા તેના પોણા બે વર્ષના દિકરા સાથે રહે છે. જયારે વર્ષ ૨૦૧૭ ના સપ્ટેમ્બર માસમાં યુવતિના લગ્ન તેના સમાજના રીતરિવાજ મુજબ ચાંદખેડા ગાંઠીયારથની બાજુમાં સ્વસ્તિક સોસાયટી મકાન નં.૧૦ ખાતે રહેતા ચિરાગ હરજીવન બેંકર સાથે થયા હતા. લગ્ન બાદ પરિણિતા લગ્નજીવનના હકો ભોગવવા માટે સાસરે ગઈ હતી. પરિણિતા સંયુકત પરિવારમાં રહેતી હતી. જયારે એમએ , બીએડ સુધી અભ્યાસ કરેલ પરિણિતાએ વર્ષ ૨૦૨૦માં દિકરાને જન્મ આપ્યો હતો. જયારે પરિણિતાનું આણુ કરવાનું હતું તે સમયે તેના સસરાએ રૂ.૨ લાખની માંગણી કરી હતી. જેથી પરિણિતાના પિતાએ તેને આણામાં રૂ.૨ લાખ આપ્યાહતા. પરંતુ અચાનક પરિણિતાના સસરાને હાર્ટ એટેક આવ્યો હતો,જયારે બીજીતરફ તેણીના પતિને દેવુ થઈ ગયું હતું. જેથી તેના સાસુ તેમજ દિયર મ્હેણા ટોણા મારવા લાગેલ કે તારા પગલા સારા નથી, તારા આવવાથી સસરાને એટેક અને પતિને દેવુ થઈ ગયું છે. જયારે પરિણિતાને સાસરી પક્ષાના સભ્યો તારા બાપે કરીયાવરમાં કશુ આપ્યું નથી, જેથી તારા બાપ પાસેથી રૂપીયા લઈ આવ અને તારા પતિનું દેવુ ભર, જેથી પરિણિતાએ તેના પિતા પાસેથી રૂ.૬,૬૨,૭૩૮ રૂપીયા આપ્યા હતા. જયારે પરિણિતા પિયરમાં હતી અને તેના પતિ ફરવા માટે ગયા હતા ત્યારે માર્ગ અકસ્માત થયો હતો. જેથી ગાડીનો ખર્ચ રૂ.૪૦હજાર માંગણી કરી હતી. તે રૂપીયા પણ પરિણિતાએ તેના સસરાને અને પતિને આપ્યા હતા.ત્યારબાદ પરિણિતાના પિતાએ શ્રીમંતમાં સામાજીક રીતે દોઢ કિલો ચાંદી, ૪૦ તોલાસોનાના દાગીના, એકટીવા અને રૂ.૧લાખ રોકડા આપ્યા હતા.તેમ છતા પરિણિતાને તેના સાસરી પક્ષનાસભ્યો માર મારી ફલેટ ખાલી કરવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૨૪૪ કેસ : ૧૩૧ દર્દી સાજા થયા

### એક પણ મોત નહી : રાજ્યમાં કુલ ૧૩૭૪ એક્ટિવ કેસ જે પૈકી ૫ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કોરોનાના આજે નવા ૨૪૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૩૧ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૫,૩૨૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૧૦,૯૩૭ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૩૭૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે. આ ઉપરાંત ૧૩૬૯ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૫,૩૨૩ નાગરિકો હરાવી ચુક્યાં છે.

બીજી તરફ ૧૦,૯૪૬ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૧૭, વડોદરા કોર્પોરેશન ૨૯, સુરત કોર્પોરેશન ૩૨, રાજકોટ કોર્પોરેશન ૧૦, સુરત ૬, વલસાડ ૬, ભાવનગર કોર્પોરેશન અને વડોદરામાં ૫-૫ કેસ તથા સુરેન્દ્રનગર ૪, ભરૂચ ૪, અમદાવાદ, આણંદ, ગાંધીનગર, ગાંધીનગર કોર્પોરેશન, જામનગર કોર્પોરેશન, મહેસાણા અને નવસારીમાં ૩-૩ કેસ નોંધાયા છે, ખેડામાં ૨, ભાવનગર, જામનગર અને કચ્છમાં ૧-૧ કેસ નોંધાયા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૦ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૯૮૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૩૨ ને રસીનો પ્રથમ અને ૨૯૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૭૭૧૪ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો.

### વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત

## એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં અનોખી રીતે ’ન્યુ સેશન’ ની શરૂઆત કરવામાં આવી હતી





ગાંધીનગર, તા. ૧૯

બાળકોને શરૂઆતના દિવસો માં શાળાએ આવવાનું મન થાય અને સુંદર મજાનો માહોલ મળી રહે તે હેતુથી વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં વિવિધ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન પીરસવામાં આવ્યું. બેગલેસ ડે ઉજવવામાં આવ્યા કે જેમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે અને શરૂઆત માં ગ્રુપમાં કરાવાતી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો એકબીજાને ઓળખે. ૧૩મી જૂનથી ૧૬મી જૂન’ ૨૦૨૨ દરમિયાન બાલ મંદિર થી ધોરણ ૮ માટે ’ઈંગ્લીશ એનરિચમેન્ટ’ નું આયોજન કરવામાં આવ્યું. કે જે કોમ્યુનિકેટિવ લેંગ્વેજ અધ્યાપન એ શીખનારાઓને સંલગ્ન કરવાની અને કુદરતી સંદર્ભમાં તેમની ભાષા કૌશલ્ય વિકસાવવામાં મદદ કરવાની અસરકારક રીત છે. તે આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે યોગા, ફર્સ્ટ એઈડ બૉકસ મેકિંગ એક્ટિવિટી, ડાન્સ વગેરે પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી.

## ઈન્દ્રોડા ગામ ખાતે બે પક્ષો વચ્ચે મારામારી : ૭ને ઈજા

### લાકડીઓ, પાઈપો, ધોકા અને પાઈપો ઉછળતા ૭ જેટલા લોકોને ઈજા

ગાંધીનગર, તા.૧૯

ઈન્દ્રોડા ગામે ગતરોજ સાંજના સમયે યુવતિની ચર્ચા મુદ્દે બે પક્ષો સામ સામે આવી ગયા હતા. લાકડીઓ, પાઈપો, ધોકા અને પાઈપો ઉછળતા ૭ જેટલા લોકોને ઈજા પહોંચી છે.જયારે ૧૯ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મયુરસિંહ ગોહિલે ફરીયાદ નોંધાવી છે કે યુવતિના મુદ્દે ગામના રહેતા શખ્શને સમજાવવા માટે ગયા હતા. તે સમયે ફરીયાદી ઘરની બહાર ઉભા હતા.તે સમયે વાતચીત દરમિયાન અચાનક હોબાળો થઈને મારામારી સુધી વાત પહોંચી ગઈ હતી. જેમાં કોઈ શખ્સે મયુરસિંહને માથાના ભાગે શેવાળ મારતા ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ ખેસડાયા હતા.જયાં તેમના પરિવારના અન્ય સભ્યોને પણ ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જેથી મયુરસિંહે ગામના ૧૧ વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે.

તો બીજીતરફ ગૌતમસિંહ ગોહિલે ફરીયાદ નોંધાવી છે કે પંકજસિંહના ઘરની પાસે તેઓ ચર્ચા કરી રહ્યા હતા તે સમયે સુરેશસિંહ અચાનક ગુસ્સે થઈ ગયા હતા અને અશોકસિંહને મારવા માટે જતા ઝપાઝપી કરવા લાગ્યા હતા. તે સમયે અન્ય લોકો એ પણ ફરીયાદી પર હુમલો કર્યો હતો. જેથી ગામમાં ભાગદોડ મચી ગઈ હતી. જયારે ફરીયાદી અને અન્ય વ્યકિતઓને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટીપોલીસ મથકે સામ સામે ફરીયાદ નોધાતા આગળની તપાસ હાથ ધરી છે.

## અડાલજ શીવપુરી હુડકોમાંથી વિસ્તારમાંથી બે જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

અડાલજ ગામમાં શીવપુરી હુડકો વિસ્તારમાંથી જુગાર રમતા બે શખ્સો રૂ.૧૦,૪૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા છે. જયારે પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના જવાનો વાવ પાસે પેટ્રોલીંગમાં હતા, તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ શીવપુરી હુડકો પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે સ્થળ પરથી બે જુગારીઓનો પકડી પાડ્યા હતા.જેમાં શીવપુરી હુડકોમાં રહેતા ચંદ્રેશ ગાંડાજી ઠાકોર અને રાજેન્દ્ર રામાભાઈ દંતાણીને પકડી પાડ્યા હતા. પોલીસે અંગજડતી લેતા તેમની પાસેથી રૂ.૭૮૦૦ તેમજ દાવ પરથી રૂ.૨૬૮૦ મળી કુલ રૂ.૧૦,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### દમણગંગા ખાડીમાં ન્હાવા પડતા બે યુવકો ડૂબ્યા : યુવકોની જીદે તે તેમનો ભોગ લેવાયો

વાપી,તા.૧૯

વલસાડની દમણગંગા ખાડીમાં બે યુવકો ડૂબવાની ઘટના બની છે. અન્ય લોકોએ બંને ખાડી પર અન્ય લોકોએ તરવા જવા મનાઈ કર્યા બાદ પણ બંને યુવકો નદીમા ન્હાવા પડ્યા હતા. આખરે યુવકોની જીદે તે તેમનો ભોગ લેવાયો હતો. વલસાડ જિલ્લાના વાપીની આ ઘટના છે. વાપીની દમણગંગા ખાંડીમાં ૨ યુવકો ડૂબ્યા હતા. બંને યુવકો ડુંગરા દાદરી મોરાના રહેવાસી હતા.

## મેઘરાજા ભાવનગર જિલ્લા પર મહેરબાન થયા, ચોમેર વરસાદ

### વીજળી પડવાથી બે લોકોના મોત થયા : ગુજરાત રાજ્યના અડધા વિસ્તારો કોરાધાકોર છે, પરંતુ અડધા વિસ્તારોમાં મન મૂકીને વરસાદ વરસી રહ્યો છે

ભાવનગર, તા.૧૯

ગુજરાતના અડધા વિસ્તારો કોરાધાકોર છે, પરંતુ અડધા વિસ્તારોમાં મન મૂકીને વરસાદ વરસી રહ્યો છે. રવિવારે બપોરે ૧ વાગ્યા સુધીના અપડેટ પર નજર વરસાદ નોંધાયો છે. આ વચ્ચે ભાવનગરના મોટી જાગધાર ગામે વીજળી પડતા ૨ લોકોના મોત થયાં છે. ભાવનગર જિલ્લામાં હવે ધીમે ધીમે વરસાદી માહોલ જામી રહ્યો છે. જિલ્લાના અનેક તાલુકાઓમાં



કરીએ તો, રાજ્યના ૪૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં અંકલેશ્વરમાં સૌથી વધુ ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. તો ગીરસોમનાથના ઉના અને જૂનાગઢના માળિયામાં ૧ ઈંચ ક્યાંક ભારે તો ક્યાંક ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી જિલ્લા ભરમાં વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું હતું, પરંતુ સારો કહી શકાય એવો વરસાદ વરસી રહ્યો છે. લોકો કાગડોળે રાહ જોઈ રહ્યા હતા, ત્યારે આજે સવારથી જ મેઘરાજા જિલ્લા પર મહેરબાન જોવા મળી રહ્યા છે. જિલ્લાના મહુવા, જેસર, ગારિયાધાર પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ ભાવનગર શહેરમાં પણ વીજળીના કડાકા ભડાકા અને મેઘ ગર્જના સાથે વરસાદ તૂટી પડયો હતો. વરસાદ થતાં લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી, લોકો વરસાદમાં ભીંજાતા નજરે પડ્યા હતા.

ભાવનગર જિલ્લાના મોટી જાગધાર ગામે વીજળી પડવાનો બનાવ બન્યો છે. આકાશી વીજળી પડતાં બે લોકોના મોત થયા છે. જિલ્લામાં વીજળી પડતા અગાઉ સિંહોર તાલુકામાં એક વ્યક્તિનું મોત થયુ હતું. આમ, જિલ્લામાં વીજળી પડવાના બનાવમાં અત્યાર સુધી કુલ ૩ ના મોત થયા છે. ભાવનગર જિલ્લામાં વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

## LRD ભરતી ૨૦૧૮નું વેઈટિંગ લિસ્ટ ટુંક સમયમાં જાહેર થશે

### રાજકોટમાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીનું નિવેદન : LRD ૨૦૧૮નું વેઇટિંગ લિસ્ટ જાહેર કરી તાત્કાલિકના ધોરણે જે જગ્યાઓ ખાલી છે તે ભરી દેવામાં આવશે

રાજકોટ,તા.૧૯

૨૦૧૮ ન્ઈઢ વેઈટિંગનું લિસ્ટનું લિસ્ટ જાહેર કરવા મામલે મોટા સમાચાર મળી રહ્યા છે. ભૂપેન્દ્ર પટેલ સરકાર યુવાનોને કોઈ તકલીફ ન પડે તેની તકેદારી રાખી છે. આ બાબતે પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે. જે બાદ હવે થોડા જ સમયમાં LRD ૨૦૧૮નું વેઈટિંગ લિસ્ટ જાહેર કરી તાત્કાલિકના ધોરણે જે જગ્યાઓ ખાલી છે તે ભરી દેવામાં આવશે. મહત્વનું છે કે,૨૨ એપ્રિલના રોજ વર્ષ ૨૦૧૮ એલઆરડીની ભરતીનુ વેઈટીંગ લિસ્ટ ઓપરેટ કરવાની માંગ સાથે ગાંધીનગર ખાતે એલઆરડીના પરીક્ષાર્થીઓ ગૃહમંત્રી હર્ષ સંઘવી સાથે ચર્ચા કરી હતી.અને વેઈટીંગ લિસ્ટ ઓપરેટ કરવા અંગે સરકારનુ સકારતમક વલણ અપનાવી ૨૦ ટકા વેઈટીંગ લિસ્ટને રી ઓપન કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

નોંધનિય છે કે, ૧-૦૮-૨૦૧૮ના પરીપત્રને લઈ એલઆરડીની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને અન્યાયની લાગણી થઈ હતી. વર્ષ ૨૦૧૮ LRDની ભરતીમાં વેઈટિંગ લીસ્ટ જાહેર કરવાની માંગ કરી હતી ત્યારે રુપાણી સરકારે ૨૦ ટકા વેઈટિંગ લીસ્ટ જાહેર કરવાની જાહેરાત કરી હતી. પરતુ તે અંગે કોઈ નિર્ણય લેવાયો ન હતો. આમ રાજ્યમાં ભુપેન્દ્ર પટેલની નવી સરકારની રચના બાદ પણ આશ્વાસન અપાયું હતું. જેનો સુખદ નીવેડો આવ્યો હતો. અને પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે ૨૦૧૮ એલઆરડી ભરતીનું વેઈટિંગ લિસ્ટ ઓપરેટ કરવામા આવશે પણ હજુ સુધી લિસ્ટ બહાર ન પડાતાં મીડિયાના સવાલ જવાબમાં હર્ષ સંઘવીએ કહ્યું હતું કે ટૂંક સમયમાં જ ન્ઈઢ વેઈટિંગનું લિસ્ટ જાહેર થશે ૧-૦૮-૨૦૧૮ના પરીપત્રને લઈ એલઆરડીની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને અન્યાયની લાગણી થઈ હતી.વર્ષ ૨૦૧૮માં LRDની ભરતીની પરીક્ષાર્થીઓ માટે વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવશે હાલ જે નવી ભરતી ચાલી રહી છે તેમાં એકથી વધુ સંવર્ગની ભરતી સાથે થતી હોવાથી વેઈટિંગ લિસ્ટ બહાર પાડવામાં નહીં આવે. PSIની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ LRDની ભરતી થશે. PSIની ભરતી જાહેર થયા બાદ ન્ઈઢનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન થશે. LRDમાં બેઠકો ખાલી ન રહે તે માટે તકેદારી રખાશે. અનેક ઉમેદવારોએ PSI-LRD બંનેની પરીક્ષા આપી છે.

## પીછેહઠ નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બધા દેશોમાં જોવામાં આવ્યું કે ઉંમર ૨૬, ૨૭ અને ૨૮ વર્ષ હતી. ભરતી થવાની ત્રણ-ચાર રીત છે. બધામાં કોઈપણ ગમે ત્યારે બહાર નિકળી શકે છે. તે દેશોમાં પણ તેવા પડકાર છે જે આપણા યુથની સામે છે.

સેના તરફથી કહેવામાં આવ્યું કે યુથની પાસે જનૂન અને જુસ્સો વધુ છે. પરંતુ તેની સાથે અમારે હોશની પણ જરૂર છે. સિપાહીને જોશ માનવામાં આવશે, ત્યારબાદ હવાલદારથી ઉપરના તમામ લોકો હોશવાળી કેટેગરીમાં આવે છે. અમે તે ઈચ્છીએ છીએ કે જોશ અને હોશ બરાબર થઈ જાય. ત્રણેય સેવાઓમાં જવાન જલદી પેન્શન લઈ રહ્યાં છે. હજારો જવાન ૩૫ વર્ષની ઉંમરમાં બહાર જતા રહે છે. આજે અમે તે નથી કહ્યું કે તે બહાર જઈને શું કામ કરી રહ્યાં છે. તેના તરફથી કહેવામાં આવ્યું કે કાલે ડ્રોન વોરફેયર થશે, આજે એક ટેક્નેકોઈ વ્યક્તિ નહીં પરંતુ ડ્રોન ચલાવી રહ્યું છે. તે માટે અલગ પ્રકારના લોકો જોઈએ. તે ભારતના નવયુવાનો છે, કારણ કે તે ટેક્નોલોજી સાથે પેદા થયા છે. તે ગામડાથી આવે છે. જો ૭૦ ટકા જવાન ગામડાથી આવે છે તો તેને જોઈને તમામ નિર્ણય લેવાના છે. તેની પાસે ત્યાં પર ખેતર છે કે પછી કોઈ નાનો વ્યવસાય છે. ઉંમરમાં અમે કોઈ ફેરફાર કર્યો નથી.

સેના તરફથી જણાવવામાં આવ્યું કે એક સેવાનિધિ યોજના છે, જેમાં અગ્નિવીરનું યોગદાન ૫ લાખનું છે, સરકાર પોતાના તરફથી ૫ લાખ આપશે. તેના તમામ એલાઉન્સ સેમ હશે. તેમાં અને જવાનમાં કોઈ અંતર હશે નહીં. કારણ કે તે અમારી સાથે જ લડશે. તેવી કોઈ શક્યતા નથી કે અમે તેને ઓછા આંકીએ. સેનામાં શહીદ થવા પર ૧ કરોડનો વીમો મળશે. જેના પર કોઈ પ્રકારનો ટેક્સ આપવો પડશે નહીં. અગ્નિવીરોએ ભરતી થવા માટે તે પ્રમાણ પત્ર આપવું પડશે કે તે કોઈ પ્રકારના વિરોધ પ્રદર્શનમાં સામેલ રહ્યા નથી. ત્યારબાદ પોલીસ વેરિફિકેશન થશે. પોલીસ વેરિફિકેશન દરમિયાન તે જોવામાં આવશે કે ઉમેદવાર કોઈ પ્રદર્શનમાં સામેલ થશો છે કે નહીં. અગ્નિપથ યોજના પર લેફ્ટિનેન્ટ જનરલ બંસી પોનપ્પાએ જણાવ્યુ કે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં આપણે ૨૫૦૦૦ અગ્નિવીરની પ્રથમ બેચ મળશે અને બીજી બેચ ફેબ્રુઆરી ૨૦૨૩ની આસપાસ સામેલ કરવામાં આવશે, જેમાં ૪૦,૦૦૦ની ભરતી થશે.

થોડા દિવસ બાદ આપણા ઈનટેક વધશે. તે ૯૦ હજાર સુધી થઈ જશે. અમે સેનાની કેપિસિટી વધારીશું. ૧૭.૭થી ૨૩ વર્ષ કરવાનો ફેરફાર એટલા માટે કરવામાં આવ્યો કારણ કે કોવિડને કારણે બે વર્ષ સુધી યુવાઓને તક મળી નથી. હવે તેને તક મળશે.

ડીએમએના એડિશનલ સેક્રેટરી, લેફ્ટિનેન્ટ જનરલ અનિલ પુરી અને ત્રણેય સેનાના એચઆર હેડ આ પત્રકાર પરિષદમાં હાજર હતા. જેમાં થલસેનાથી લેફ્ટિનેન્ટ જનરલ સીપી પોનપ્પા, વાયુવેનાથી એર ઓફિસર પર્સનૈલ એર માર્શલ એસ કે ઝા અને નૌસેનાથી વાઈસ એડમિરલ ડીકે ત્રિપાઠી સામેલ છે.

## કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

હવેથી બાંધકામની સમયમર્યાદાનાં કેસોને શરતભંગ ન ગણવા જીલ્લાનાં તમામ કલેક્ટરશ્રીઓને પરિપત્ર દ્વારા આદેશ કરવામાં આવશે તથા એન.એ., એન.ઓ.સી. નાં ફોર્મમાંથી કલમ ૨દની શરત નં. ૪ ૨દ કરવામાં આવશે. જેથી શરતભંગનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહિ, તેમજ આવી તપાસ નાયબ મામલતદાર દ્વારા કરવામાં આવશે નહિ, તેમજ નાયબ કલેક્ટરશ્રી દ્વારા શરતભંગનાં કેસો ચલાવવામાં મુક્તિ મળતા ઝડપથી ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરિત કરવામાં આવશે તથા પાંચ કરોડ સુધીનાં પ્રિમિયમ વસૂલવા જીલ્લા કલેક્ટરશ્રીને અગાઉ સોંપવામાં આવેલ હોવાથી રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં ફાઈલ મોકલી પ્રિમિયમનો અભિપ્રાય પાંચ કરોડ સુધીનો મેળવવો નહી પડે, તેથી ઝડપી અને સરળતાથી જમીન બિનખેતીમાં રૂપાંતરિત થવાનાં હુકમો જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી દ્વારા જ ઉકેલવામાં આવશે. આ નિર્ણયથી આગામી સમયમાં ખેતીની જમીન બિનખેતીમાં રૂપાંતરિત કરતા વિકાસની ગતિમાં વેગ આવશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ